# વાર્તામેળો
# 3

**સંપાદક :** દર્શા કિકાણી

• પ્રકાશક •
**વિચારવલોણું પરિવાર**
અમદાવાદ

# ચતુર કોણ?

(આસરા અલ્તાફભાઈ વ્હોરા,
ધોરણ-૮,
શ્રી એસ.જી.બ્રહ્મભટ્ટ બધિર વિદ્યાવિહાર, નડિયાદ)

જંગલ વચ્ચેથી એક નદી વહે. એક સિંહ નદીને આ કાંઠે રહે. એક શિયાળ નદીને સામે કાંઠે રહે. નદીની સાંકડી જગ્યાએ પાણી પીવા બંને લગભગ એક જ સમયે આવે.

સામસામે કાંઠેથી બેય એકબીજાને જુએ. શિયાળ સિંહથી ડરે નહિ. પણ સાવધાન રહે. સિંહને એનો ખટકો. એક દિવસ સિંહ પાણી પીવા આવ્યો. આજે તો શિયાળને ખાઈ જ જઈશ એવું સિંહે નક્કી કર્યું. થોડીવારમાં શિયાળ આવ્યું. સિંહ તો જાણે એને દોસ્ત હોય એમ પ્રેમથી પૂછવા લાગ્યો, 'શિયાળભાઈ, આજ કેમ મોડા પડ્યા? તબિયત તો સારી છે ને?'

શિયાળ સિંહનો આશય સમજી શક્યું નહિ. એણે કહ્યું, 'આજે અમારી બાજુનાં બધાં શિયાળ ભેગા થયાં હતાં. તેથી જરા મોડું થયું.'

સિંહ કહે, 'જાતિભાઈઓ સાથે હળવું-મળવું બહુ જરૂરી છે. અરે, શિયાળભાઈ મેં સાંભળ્યું છે કે ગધેડાં તો બહુ સારું ગાય છે.'

શિયાળ કહે, 'ગધેડાને વળી ગીત સાથે શો સંબંધ? એના કરતાં તો અમે શિયાળ સારું ગાઈએ છીએ.'

સિંહ અચરજ પામતો હોય એમ કહ્યું, 'અરે, રોજ આપણે મળીએ છીએ, પણ મને આ વાતની ખબર જ નહિ!' શિયાળ ધીમે ધીમે સિંહની જાળમાં ફસાઈ રહ્યું હતું. તેણે તો ગાવા માંડ્યું : 'ઉવાં ઉવાં!'

સિંહ કહે, 'પણ શિયાળભાઈ, મેં એવું સાંભળ્યું છે કે સારું ગાનારા ગાય ત્યારે આંખો બંધ રાખે છે.'

શિયાળ કહે, ‘હાસ્તો, તે વગર ગવાય જ નહિ.’

શિયાળે આંખો મીંચી ગાવાનું ચાલુ કર્યું. સિંહ નદીની સાંકડી જગ્યાએથી ઠેકડો મારીને આ કાંઠે આવ્યો અને શિયાળને પકડ્યું.

શિયાળ કહે, ‘અરે, આવો દગો?’

સિંહ કહે, ‘એમાં દગો શાનો? શિકાર કાંઈ સામેથી આવીને મારા મોંમા પેસે ખરો?’

શિયાળ નમ્ર બનીને બોલ્યું, ‘તમે તો વનના રાજા કહેવાઓ. તમારા હાથે મરવાનું થાય એ તો ભાગ્ય કહેવાય. પણ આજે અમારી બાજુમાં શિયાળ ભેગાં થયાં ત્યારે કહેતાં હતાં કે સિંહ શિકારનો કોળિયો કરતાં પહેલાં ભગવાનનું ધ્યાન ધરે છે. સિંહ આંખો મીંચે એટલે એને ભગવાનનાં દર્શન થાય. શું આ સાચું છે?’

સિંહ કહે, ‘તારી આ વાત સો ટકા સાચી છે. હું આંખ મીંચુ, ધ્યાન ઘરું એટલે ભગવાન મારી સામે આવીને ઊભા રહે. તું મરતાં પહેલાં મારું ધ્યાન જોઈ લે.’ સિંહ તો આંખો મીંચીને ભગવાનનું ધ્યાન કરવા લાગ્યો. સિંહ વીલે મોંએ શિયાળને નાસી જતું જોઈ રહ્યો. કહે છે ને, ‘જે બીજાને ઠગવા જાય તે પોતે જ ઠગાય.’

---

સંપર્ક : દર્શા કિકાણી : ઈ –મેલ – darsha.rajesh@gmail.com